Extra No. 414

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, DECEMBER 17, 2025 / AGRAHAYANA 26, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૨૦૨૫

ડભોઈ નગરપાલિકા, જિ. વડોદરાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ડભોઈ-યુનિટ-૫-૨૦૨૫

૧. ભારતના સંવિધાનના ૭૪ મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)ની કલમ ૬ ની પેટા-કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ ૬ ની પેટા-કલમ ૫ અન્વયે, રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર, અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૦૯ થી નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૫થી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિન-અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સંબંધે વોર્ડની સંખ્યા, કુલ બેઠકોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા (જે તે વર્ગની સ્ત્રીઓ સહિત) સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/381 of 2025 UDUHD/CMO/MPMLA/18/2024/9103/M, તા. 29/10/2025થી સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાના આધારે ડભોઇ નગરપાલિકા (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) ને ૯ વોર્ડોમાં વિભાજીત કરેલ છે અને કાઉન્સિલરોની કુલ ૩૬ બેઠકો નક્કી કરેલ છે. સદર જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ઉક્ત જાહેરનામાથી નક્કી થયેલ વોર્ડોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા ધ્યાને લઇ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) (જેનો આમાં હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ધ્યાને લઇ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકે છે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ ના વસતી ગણતરી અધિનિયમ અન્વયે સને ૨૦૧૧ ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૫૪૮૯૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડદીઠ સરેરાશ વસ્તી ૬૦૯૯ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી કે ઘટતી નથી.

૭. નિયમ-૩ ની જોગવાઈને ધ્યાનમા રાખી શહેરના ૯ વોર્ડોનું આ આદેશ સાથે સામેલ અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ-રસ્તા વગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

૮. નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાંથી ચાર કાઉન્સિલર ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાં બે બેઠકો સ્ત્રીઓ માટે (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રીઓ સહિત) અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિન-અનામત ફાળવવાની રહે છે.

૯. નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/માપદંડ/ન.પા./જન(૧)/૧૨૨૦૧૪/ક થી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઊંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો વસ્તીની ટકાવારીના ઉતરતા ક્રમમાં ખાસ ક્રમાંક નક્કી કરી બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમે આવતા વોર્ડમાં ફાળવવામાં આવશે એમ નિર્ધારિત કરેલ છે.

૧૦. નગરપાલિકાઓની ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી આયોગે આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/ન.પા./વારાફરતી/સ્થા.સ્વ./૧૪૦(૫)/૦૮૨૦૨૫/ક, તા. ૦૯/૦૯/૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો/માપદંડો નક્કી કરેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે તેવી નગરપાલિકાઓમાં અગાઉની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર/વોર્ડના નામ મહદ્અંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તિત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે, નવા

સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા/નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાની વોર્ડ સંખ્યા/અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતા ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તિત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજા ક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા. ૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭માં થયેલ સુધારાની જોગવાઈ અને રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૧. જાહેરનામા અન્વયે ૨ (બે) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અનુસૂચિત જાતિની સ્ત્રી માટે ૧ બેઠક અનામત રાખવામાં આવેલ છે.

૧૨. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ વોર્ડોને ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી	અનુસૂચિત જાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૬	૫૫૮૭	૫૦૧	૮.૯૬ %	૧
૨	૯	૫૯૧૮	૪૪૯	૭.૫૮ %	૨
૩	૪	૬૩૦૩	૪૭૧	૭.૪૭ %	૩
૪	૩	૬૩૨૩	૪૫૦	૭.૧૧ %	૪
૫	૧	૬૩૩૩	૪૪૧	૬.૯૬ %	૫
૬	૨	૬૨૪૨	૧૧૯	૧.૯૦ %	૬
૭	૭	૫૪૮૯	૯	૦.૧૬ %	૭
૮	૫	૬૦૫૪	૦	0	૮
૯	૮	૬૬૪૬	૦	0	૯
કુલ		૫૪૮૯૫	૨૪૪૦		

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ઉતરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧, ૨ અનુક્રમે વોર્ડ નં. ૬, ૯ માં નિયમોના નિયમ-૬ હેઠળ અનુક્રમે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જાતિ સ્ત્રી માટેની અનામત બેઠક ફાળવવાની થાય.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.-જન(૧)-૧૨૨૦૨૪-ક, તા. ૧૧-૧૨-૨૦૨૪ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-નપ-વારાફરતી-સ્થા.સ્વ.-૧૪૦(૫)-૦૮૨૦૨૫-ક, તા. ૦૯-૦૯-૨૦૨૫થી નક્કી થયેલ માપદંડો/ માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લઈ, અત્યારના અનુસૂચિત જાતિના ખાસ ક્રમાંક ૧, વોર્ડ નં ૬ માં જુના વોર્ડ નં. ૮ નો ૮૧ .૫૫ ટકા

વિસ્તાર ભળ્યો હોવાથી ખાસ ક્રમાંક ૩, વોર્ડ નં ૪માં જુના વોર્ડ નં. ૪નો ૯૦.૮૦ ટકા વિસ્તાર ભળ્યો હોવાથી ૨૦૧૫ અને ૨૦૨૦માં ફાળવેલ બેઠકોનુ પુનરાવર્તનના થાય તે માટે એ જ વોર્ડમાં બેઠક ફાળવવાની નથી. પરંતુ ત્યાર પછીના ખાસ ક્રમાંક ૨ અને વોર્ડ નં. ૯ માં અને ખાસ ક્રમાંક ૪ અને વોર્ડ નં. ૩માં આ વર્ગની નીચે મુજબ બેઠક ફાળવવાની થાય છે.

આથી, અનુસૂચિત જાતિની બેઠક નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

અ. નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૨	૯	અનુસૂચિત જાતિ
૨	૪	૩	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૪. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો અનુસૂચિત આદિજાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી	અનુસૂચિત આદિજાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૯	૫૯૧૮	૨૨૧૬	૩૭.૪૪ %	૧
૨	૩	૬૩૨૩	૧૭૭૨	૨૮.૦૨ %	૨
૩	૬	૫૫૮૭	૧૩૪૨	૨૪.૦૨ %	૩
૪	૧	૬૩૩૩	૧૧૨૩	૧૭.૭૩ %	૪
૫	૨	૬૨૪૨	૭૨૦	૧૧.૫૩ %	૫
૬	૪	૬૩૦૩	૭૧૧	૧૧.૨૮ %	૬
૭	૭	૫૪૮૯	૩૧૧	૫.૬૬ %	૭
૮	૫	૬૦૫૪	૧૯૮	૩.૨૭ %	૮
૯	૮	૬૬૪૬	૧૫૬	૨.૩૪ %	૯
કુલ		૫૪૮૯૫	૮૫૪૯		

૧૫. જાહેરનામા અન્વયે ૬ (છ) બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૩ (ત્રણ) બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત નિર્ધારીત થયેલ છે. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ઉતરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬/વોર્ડ નં-૯, ૩, ૬, ૧, ૨, ૪ માં નિયમોના નિયમ-૬ હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન. ૧-૧૨૨૦૨૪-ક, તા. ૧૧-૧૨-૨૦૨૪ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-નપ-વારાફરતી-સ્થા.સ્વ.-૧૪૦(૫)-૦૮૨૦૨૫-ક, તા. ૦૯-૦૯-૨૦૨૫થી નક્કી થયેલ માપદંડો/ માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લઈ, તેમાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૨૦ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત આદિજાતિ/અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તિત ના થાય તે મુજબ રોટેશન કરવાનું રહે છે. પરંતુ અત્યારના ખાસ ક્રમાંક ૧/ વોર્ડ નં. ૯ જૂના વોર્ડ નં-૯ નો ૯૭..૦૪ ટકા વિસ્તાર ભળ્યો હોઈ, ખાસ ક્રમાંક ૨, વોર્ડ નં. ૩માં જુના વોર્ડ નં. ૩ નો ૫૭.૩૯ ટકા વિસ્તાર તેમજ ખાસ ક્રમાંક, વોર્ડ નં. ૬ માં જુના વોર્ડ નં. ૬ નો ૮૧.૫૫ ટકા વિસ્તાર ભળ્યો હોઈ તેમજ ત્યાર બાદના ખાસ ક્રમાક નં. ૪/ વોર્ડ નં. ૧માં જૂના વોર્ડ નં-૧ની ૮૩.૬૬ ટકા અને ખાસ ક્રમાક ૫/વોર્ડ નં-૨માં જૂના વોર્ડ નં-૨નો ૬૩.૨૯ ટકા વિસ્તાર ભળ્યો હોઈ ત્યાર બાદના ખાસ ક્રમાંક ૬, ૭, ૮, ૯, ૧, ૨ / વોર્ડ નં. ૪, ૭ , ૫, ૮, ૯, ૩માં આ વર્ગોની નીચે મુજબ બેઠક ફાળવવાની થાય છે. આથી, અનુસૂચિત આદિજાતિની બેઠક નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો

અ. નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૬	૪	અનુસૂચિત આદિજાતિ
૨	૭	૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	૮	૫	અનુસૂચિત આદિજાતિ
૪	૯	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	૧	૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૬	૨	૩	અનુસૂચિત આદિજાતિ

૧૬. જાહેરનામા અન્વયે ૧૦ (દસ) બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૫ (પાંચ) બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત નિર્ધારીત થયેલ છે. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડો ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડો મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૭. ડભોઇ નગરપાલિકાના સૂચિત ૯ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો પછાતવર્ગો માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી	પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૫	૬૦૫૪	૨૫૬૧	૪૨.૩૦ %	૧
૨	૮	૬૬૪૬	૨૭૭૮	૪૧.૭૯ %	૨
૩	૭	૫૪૮૯	૨૨૬૨	૪૧.૨૦ %	૩
૪	૨	૬૨૪૨	૨૫૫૩	૪૦.૯૦ %	૪
૫	૧	૬૩૩૩	૨૫૫૯	૪૦.૪૦ %	૫
૬	૪	૬૩૦૩	૨૫૧૫	૩૯.૯૦ %	૬
૭	૩	૬૩૨૩	૨૪૯૧	૩૯.૩૯ %	૭
૮	૬	૫૫૮૭	૨૧૬૨	૩૮.૬૯ %	૮
૯	૯	૫૯૧૮	૨૦૭૧	૩૪.૯૯ %	૯
કુલ		**૫૪૮૯૫**	**૨૧૯૫૨**		

૧૮. પછાતવર્ગ માટે નક્કી થયેલ કુલ ૧૦ (દસ) બેઠકો તે પૈકી ૫ (પાંચ) બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. અગાઉ વર્ષ-૨૦૧૫ અને ૨૦૨૦ માં પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧, ૨, ૩, ૪ વોર્ડ નં. ૯, ૩, ૪, ૧ માં પછાતવર્ગની બેઠક ફાળવવામાં આવેલ હતી. રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯-૦૯-૨૦૨૫ના આદેશની જોગવાઇ મુજબ નવા બનેલા સૂચિત વોર્ડ મહદઅંશે સરખા વિસ્તારના જ હોય તો અનામત બેઠકોની ફાળવણી સમયે પુનરાવર્તન ના થાય તે મુજબ રોટેશન કરવાનું રહે છે. જેથી ખાસ ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧ અનુક્રમે વોર્ડ નં. ૫, ૮, ૭, ૨, ૧, ૪, ૩, ૬, ૩, ૯ અને ૫ માં પછાતવર્ગની બેઠકો ફાળવવાની થાય છે. જે પૈકી શક્ય હોય ત્યાં સુધી દર બીજા ક્રમે આવતા વોર્ડ નં. ૮, ૨, ૪, ૬ અને પમાં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અ. નં.	પછાત વર્ગ ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૧	૫	પછાતવર્ગ
૨	૨	૮	પછાતવર્ગ સ્ત્રી
૩	૩	૭	પછાતવર્ગ
૪	૪	૨	પછાતવર્ગ સ્ત્રી
૫	૫	૧	પછાતવર્ગ
૬	૬	૪	પછાતવર્ગ સ્ત્રી
૭	૭	૩	પછાતવર્ગ
૮	૮	૬	પછાતવર્ગ સ્ત્રી
૯	૯	૯	પછાતવર્ગ
૧૦	૧	૫	પછાતવર્ગ સ્ત્રી

૧૯ અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેરનામા મુજબ ડભોઇ નગરપાલિકા માટે ૯ વોર્ડ નક્કી કરવામાં આવ્યા છે અને પછાતવર્ગની ૧૦ બેઠકોની ફાળવણી કરવાની થાય છે . જે અન્વયે ખાસ ક્રમાંક-૧/ વોર્ડ નં -૫ માં પછાતવર્ગ અને ખાસ ક્રમાંક-૨/ વોર્ડ નં - ૮માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય પરંતુ વોર્ડ નં -૫ માં અગાઉ અનુસૂચિત આદિજાતિની બેઠક ફળવાઈ ગયેલ હોઈ વોર્ડ નં -૫ અને ૮ માં સ્ત્રી પુરુષની બેઠકની અદલા-બદલી કરતાં અનુક્રમે વોર્ડ નં -૫ માં પછાતવર્ગ સ્ત્રી અને વોર્ડ નં - ૮ માં પછાતવર્ગ સામાન્ય બેઠક ફાળવવાની થાય. ત્યાર બાદ ખાસ ક્રમાંક-૩ / વોર્ડ નં -૭ માં પછાત વર્ગ , ખાસ ક્રમાંક-૪ / વોર્ડ નં -૨ પછાત વર્ગ સ્ત્રી, ખાસ ક્રમાંક-૫ / વોર્ડ નં -૧ માં પછાત વર્ગ, ખાસ ક્રમાંક-૬ / વોર્ડ નં -૪માં પછાત વર્ગ સ્ત્રીની બેઠકો આયોગના તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશની જોગવાઇ અને માપદંડો મુજબ ફાળવવાની થાય.ખાસ ક્રમાંક-૭ / વોર્ડ નં -૩ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય પરંતુ વોર્ડ ન-૩ માં અગાઉથી અનુસૂચિત જાતિ સ્ત્રી તેમજ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાઈ ગયેલ હોય આયોગના તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશની જોગવાઇ અને માપદંડો મુજબ વોર્ડ નં -૩ની ચોથી બેઠકમાં પછાતવર્ગની અનામત બેઠક ફાળવવાની થાય. ખાસ ક્રમાંક -૮/વોર્ડ નં -૬ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. તેમજ ખાસ ક્રમાંક ૯/વોર્ડ ન-૯ માં અગાઉથી અનુસૂચિત આદિજાતિ સ્ત્રી તેમજ અનુસૂચિત જાતિની બેઠક ફાળવાઈ ગયેલ હોય તે વોર્ડમાં પછાત વર્ગની બેઠક ફાળવી શકાય તેમ નથી જેથી આયોગના તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશની જોગવાઇ અને માપદંડો મુજબ વોર્ડ નં -૯ ની ચોથી બેઠકમાં પછાતવર્ગની અનામત બેઠક ફાળવવાણી થાય। ત્યારબાદ બેઠક ફાળવણીનાં બીજા રાઉન્ડમાં ખાસ ક્રમાક-૧/વોર્ડ નં-૫માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય પરંતુ વોર્ડ નં-૫માં અગાઉથી પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફળવાઈ ગયેલ હોઇ વોર્ડ નં-૮, ૭, ૨ બાદના ખાસ ક્રમાંક ૫/વોર્ડ નં-૧ માં પછાતવર્ગ સ્ત્રી માટે બેઠક ફાળવવાની થાય

- જાહેરનામા મુજબ પછાતવર્ગની ૧૦ બેઠકો નક્કી થયેલ હોઈ, વોર્ડ નં. ૧ માં પહેલી અને ત્રીજી બેઠક પછાતવર્ગને ફાળવવાની થાય છે. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.-જન.૧-૧૨૨૦૧૪-ક, તા. ૧૧/૧૨/૨૦૧૪ થી નિયત થયેલ માર્ગદર્શક સિદ્ધાંતો અને રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯/૦૯/૨૦૨૫ ના આદેશ મુજબ પછાતવર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

પછાતવર્ગને ફાળવેલ બેઠકો

અ. નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૧	૫	પછાત વર્ગ સ્ત્રી
૨	૨	૮	પછાતવર્ગ
૩	૩	૭	પછાત વર્ગ
૪	૪	૨	પછાતવર્ગ સ્ત્રી
૫	૫	૧	પછાતવર્ગ/ પછાતવર્ગ સ્ત્રી
૬	૬	૪	પછાતવર્ગ સ્ત્રી

અ. નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૭	૭	૩	પછાતવર્ગ
૮	૮	૬	પછાત વર્ગ સ્ત્રી
૯	૯	૯	પછાતવર્ગ

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠકો અને બાકી રહેતી બેઠકો બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૧ . સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને ડભોઈ નગરપાલિકા માટે આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન - વોર્ડોની હદ રેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી નિર્ધારીત કરવામાં આવે છે અને આથી જાહેર જનતાની જાણ સારુ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી દસ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આવા સૂચનની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાને પણ મોકલી આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ ડભોઈ નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી વિચાર-વિનિમય કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ડભોઈ-યુનિટ-૫-૨૦૨૫ તા. ૧૭/૧૨/૨૦૨૫નું સાંધણ.

અનુસૂચિ-૧

સૂચિત વોર્ડ નંબર-૧

ડભોઈ નગરપાલિકા **જિલ્લો. વડોદરા**

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોકનંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલવસ્તી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૭૧	૦	૧૦૧	૫૬૫	૬/૩/૮૨ થી ૬/૩/૧૨૫	વાધનાથ જલારામ મંદિર, ઝુપડપટીથી કૌમુદી સોસાયટી ગેટ સુધીનો વિસ્તાર
	૭૩	૧૫	૭	૨૯૩	૬/૪/૫ થી ૬/૪/૧૨,૬/૪/૧૨/૧ થી ૬/૪/૧૨/૩૪, ૬/૪/૧૩ થી ૬/૪/૨૦	ખેતીવાડી, કિશાન ટાવર, સરદાર શોપીગ સેન્ટર, તાલુકા પંચાયત કચેરી
	૭૪	૦	૧૪	૪૭૦	૬/૪/૮/૧ થી ૬/૪/૮/૪૩, ૬/૪/૨૧ થી ૬/૪/૧૦૪	વડોદરી ભાગોળ, રિધ્ધિ સિધ્ધિ સોસાયટી, વૃંદાવન સોસાયટી, પંચવટી શોપીંગ સેન્ટર

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોકનંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલવસ્તી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૭૫	૦	૦	૩	૬/૪/૧૦૫ થી ૬/૪/૧૨૬, ૬/૫/૧ થી ૬/૫/૨૭/૫૩, ૬/૫/૨૮ થી ૬/૫/૪૧	નગરપાલિકા શોપીંગ સેન્ટર
	૭૬	૦	૧૦	૪૫૩	૬/૫/૪૩ થી ૬/૫/૧૨૬	એલ.આઈ.સી, કૌમુદી સોસાયટી, વૈશાલી સોસાયટી, ગુરુકૃપા સોસાયટી
	૭૭	૩૮	૧૨૦	૮૦૩	૬/૬/૧ થી ૬/૬/૮	કોલેજ સામે તલાટી ચાલી, કેનાલ પાસેના મકાનો, આર્શીવાદ, ધુવેન પોઇન્ટ, શ્રીજી સોસાયટી બીયારણ વુધ્ધી કેન્દ્ર, તાલુકા પંચાયત કચેરીના મકાનો, ખેતી નિયામકશ્રીના તમામ મકાનો
	૭૮	૯૭	૩૪૮	૭૪૧	૬/૬/૮૧ થી ૬/૬/૮/૨૩, ૬/૬/૯ થી ૬/૬/૧૬૧	જી.આઈ.ડી.સી, નગરપાલિકા બગીચો, નીલકંઠ સોસાયટી, જગન્નાથ સોસાયટીનો તમામ મકાનો
	૭૯	૫૮	૫૩	૫૭૯	૬/૬/૧૨૨ થી ૬/૬/૧૬૧, ૬/૭/૧ થી ૬/૭/૬૧	રેલ્વે ફાટક પાસે (નડા) રોડ, સરીતાનગર સોસાયટી, હનુમાનજી મંદિર,ગાયત્રી કોમ્પલેક્ષ તથા નડા વસાહત-૧-૨ ના વિસ્તારના તમામ સમાવિષ્ટ મકાનો
	૮૦	૦	૦	૨૪	૬/૭/૬૨ થી ૬/૭/૧૧૦, ૬/૭/૧૧૦/૧ થી ૬/૭/૧૧૦/૪૪,૬/૮/૧ થી ૬/૮/૫૦,૬/૭/૧૨૧ થી ૬/૭/૧૩૦	વડોદરી ભાગોળ ફાટક પાસે, જુના બસ સ્ટેન્ડ, રાધે કોમ્પલેક્ષ શોપીંગ સેન્ટર, પશુ દવાખાના ક્વાર્ટર્સ, ઓફીસ તેના પાછળના મકાનો
	૮૧	૩	૪	૫૭૮	૬/૭/૧૩૨ થી ૬/૭/૧૮૦	ગાયત્રી કૃપા સોસાયટી, અંબિકા સોસાયટી, માધવ પાર્ક, શ્રીનિવાસ કબ્રસ્તાન, રંગઉવન બગીચો, ડેપ્યુટી કલેક્ટરશ્રીનું રહેઠાણ તમામ મકાનો સમાવિષ્ટ વિસ્તારના મકાનો
	૮૨	૧૪૬	૩૩	૭૫૭	૬/૮/૫૧ થી ૬/૮/૯૧	ઉમા સોસાયટી, આંબેડકર સોસાયટી, ટીમ્બર માર્કેટ, નવા સેવાસદનના મકાનો સમાવિષ્ટ વિસ્તારના મકાનો
	૧૦૧	૦	૩૮૬	૩૮૬	કોલેજો, પુજીબા પાર્ક, દયારામ નગર ૧ થી ૬૮ મકાનો, વીજયા પાર્ક તથા શોપીંગ	તમામ કોલેજ, પુજીબા પાર્ક, દયારામ નગર, વિજયા પાર્ક તથા શોપીંગ

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોકનંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલવસ્તી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૦૨	૮૪	૪૭	૬૮૧	પ્રભુદાસ પાર્ક, પ્રમુખ સ્વામી હોસ્પિટલ, સરકીટ હાઉસ, પાતાળ કુવા, પ્રોફેસર ક્વાર્ટસ, સીવીલ કોર્ટ, પી.ડબલ્યુ ડી ક્વોર્ટસ, જેઠવાણી શોપીંગ, અડવાણી હોલ, એસ.ટી ડે.પો સુધી	પ્રભુદાસ પાર્ક, પ્રમુખ સ્વામી હોસ્પિટલ, સરકીટ હાઉસ, પાતાળ કુવા ઓફીસ, પાતળા કુવા, પ્રોફેસર ક્વાર્ટર્સ, સીવીલ કોર્ટ, પી.ડબલ્યુ.ડી ક્વાર્ટસ, જેઠવાણી શોપીંગ, અડવાણી હોલ, એસ.ટી.ડે.પો સુધી
	કુલ	૪૪૧	૧૧૨૩	૬૩૩૩		

હદ વર્ણન:- મોજે કજાપૂર ગામના સર્વે નં ૯૭ ના વાયવ્ય ખૂણે થી ઈશાન ખૂણા તરફ ના સિમાડાની ધારે ધારે થી અગ્નિ ખૂણા તરફ રે.સ.ન ૨૯૮/p૧, થી સર્વે નં ૧૧૧ ના સીમાડા બાજુ ની ધારે ધારે થી પૂર્વ દિશા તરફ સર્વે નં ૧૨૬, ૧૨૭, ૧૨૮p થી દક્ષિણ દિશા તરફ નેરિયા રસ્તે થઈ દક્ષિણ દિશા તરફ સર્વે નં ૨૨૧p, ૧૩૨, થી દક્ષિણ દિશા તરફ ના ખૂણે થી પશ્ચિમ દિશા થઈ દક્ષિણ દિશા તરફ સર્વે નં ૧૩૧, ૧૩૪, ૧૩૫/૧, થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૧૧૯/૧p૨, ૧૧૯/૨ થી દક્ષિણ દિશા તરફ નેરે નેરે થઈ સર્વે નં ૪૩/૧ ના ઈશાન ખૂણે થી દક્ષિણ દિશા તરફ ૪૩/૨, ૪/૧, થી અગ્નિખૂણા તરફ થઈ દક્ષિણ દિશા તરફ ૨૧૯p૯, ૨૧૯p૮, ૧૩/૧, ૯૦૦૩ ના નૈઋત્ય ખૂણે થી કજાપૂર વેગા ના સીમડા ની ધારે ધારે થઈ ૨૭૪/p/p થી અગ્નિખૂણા તરફ જઈ જઈ પશ્ચિમ દિશા થઈ ૧૭૪ થી અગ્નિખૂણા તરફ થી ૧૭૪/p, ૧૫૯ ની ધારે ધારે અગ્નિ ખૂણા તરફ સર્વે નં ૧૭૨૧, ૧૭૨૨, ૧૭૨૩ તથા રસ્તા ની ધારે ધારે થઈ સર્વે નં ૧૬૪૩ થી પૂર્વ દિશા તરફ રેલ્વે ની ધારે ધારે થઈ અગ્નિ ખૂણે આવેલ સર્વેનં ૧૬૦૫, ૧૬૦૬ થી દક્ષિણ દિશા તરફ ૨૬૭૨/૨ વાઘનાથ મંદિર તરફ થી ૧૬૦૯, ૧૬૧૦, ૧૪૮૮/૭ થી ખેતીવાડી, કિશાન ટાવર, સરદાર શોપીગ સેન્ટર, તાલુકા પંચાયત કચેરી થઈ વડોદરી ભાગોળ ફાટક પાસે, સર્વેનં ૧૪૮૪ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૧૪૮૩, ૧૪૮૮/૧, ૧૪૮૮/૨થી રેલ્વે રસ્તે થઈ દક્ષિણ દિશા તરફ વડોદરા ડ્ભોઈ હાઈવે હાઈવે થઈ પશ્ચિમ દિશા તરફ આવેલ સર્વે નં ૧૫૦૯ થી રસ્તા ની ધારે ધારે થઈ ઉત્તર દિશા તરફ સર્વે નં ૧૮૭૪ ની ધારે ધરે જઈ ઉત્તર દિશા તરફ સર્વે નં ૧૫૭૬ થી પશ્ચિમ દિશા તરફ રેલ્વે થી સર્વે નં ૧૮૭૭ ના વાયવ્ય ખૂણે થી ઉત્તર દિશા તરફ સર્વે નં ૧૬૭૩, ૧૬૭૪ ના નૈઋત્ય ખૂણે થી પશ્ચિમ દિશા તરફ થી ઉત્તર દિશા તરફ નળા ના સિમાડા ની ધારે ધારે જઈ વેગા ના સર્વે નં ૨૭૮ થી ઉત્તર દિશા તરફ ૨૭૭ થી પૂર્વ દિશા તરફ ૨૭૬p થી ઉત્તર દિશા તરફ ૨૭૫p થી ઉત્તર દિશા તરફ સર્વે નં ૧૨૮ થી ડભોઇ વડોદરા રોડ પાર કરી ઉત્તર દિશા તરફ સર્વે નં. ૧૨૮/p ,૧૪૧, ૧૪૨, ૧૪૭p, ૧૪૮, ૧૫૦,થી અગ્નિખૂણા તરફ જઈ વાયવ્ય ખૂણા તરફ રસ્તો પાર કરી સર્વે નં ૨૮૦, ૧૫૩ના ઈશાન ખૂણે થી સર્વે નં. ૧૮૪ નેરીયા રસ્તે થઈ ઉત્તર દિશા તરફ આવેલ સર્વે નં ૧૮૫ હાંસાપુરાના સીમાડે સીમાડે કોતર ની ધારે ધારે થઈ ઉતર દિશા તરફ કજાપૂર ના સર્વે નં ૯૭ સુધી નો તમામ વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર - ૨

ડભોઈ નગરપાલિકા **જિલ્લો. વડોદરા**

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોકનંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલવસ્તી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	વેગા-૧	૦	૧૧૦	૪૦૫	૧/૨ થી ૧/૮૭	વેગા રબારીવગા, વસાવા ફળિયુ, નવી નગરી

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોકનંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલવસ્તી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	વેગા-૨	૧૦	૧૫૮	૪૪૭	૧/૮૮ થી ૧/૨૨૫	વેગા હનુમાનજી મંદિર વણજારા ફળિયુ પાઈપ ફેક્ટરી કારખાના વિસ્તાર મદ્રેસા
	કજાપૂર-૧	૬૪	૦	૪૨૪	૧ થી ૫૦	કજાપૂર, સ્વામિનારાયણ ફળિયુ, વાલ્મિકી વાસ, વણકર વાસ, બારીયા ફળિયુ, પરમાર ફળિયુ
	કજાપૂર-૨	૦	૭	૨૭૦	૫૧ થી ૨૯૫	કજાપુરા, પા.વા ફળિયુ, વચલુ ફળિયુ, મંદિરવાળુ ફળિયુ
	૭૦	૦	૧૪	૯૩૫	૬/૩/૯ થી ૬/૩/૨૦,૬/૩/૨૦/૧ થી ૬/૩/૨૦-૬૪	વડોદરી ભાગોળ બહાર સીધીની ચાલી, લસણીયાવાગરી, શીરોલા ચેમર્બ્સ, શેઠ આઈસ ફેકટરી, નર્મદા માતાના મંદિર સુધી, રાણીવાળીજીન
	૭૨	૩૧	૬૨	૭૩૯	૬/૩/૨૧ થી ૬/૩/૮૧	ચુનીલાલ પાર્ક ૧-૨, વિઠ્ઠલ સોસાયટી, શોભરાજ પાર્ક, અમીપાર્ક, અંબાલાલપાર્ક
	૯૪	૧૧	૨૪	૫૫૯	૬/૧૦/૬૧ થી ૬/૧૦/૬૫ ઈદગાહ ૬/૧૧/૧ થી ૬/૧૧/૫-૧૪ વસાઈવાલા જીનની આજુબાજુના ઝુંપડા	મહુડી ભાગોળ બહાર ઈદગાહ, વસાઈ વાલાજીનની આજુબાજુના ઝૂંપડા, ભરવાડોના મકાનો સુધી
	૯૫	૩	૧	૪૫૦	૬/૧૦/૧ થી ૬/૧૦/૧૨-૫૨ આંબાવાડી ૬/૯/૯૧/૧ થી ૬/૯/૯૧/૧૦૬ મ.ભા નવીનગરી	મહુડી ભાગોળ બહાર રાણાની હોટલ પાસેના ઝુપડા, આંબાવાડી, નવીનગરી, કબ્રસ્તાન, કેનાલ સુધીના તથા સામેના ઝુપડા
	૯૬	૦	૨૧૧	૭૦૯	૬/૧૧/૨૫ થી ૬/૧૧/૧૧૫ દેસાઈયાર્ડ, સોનેશ્વર પાર્ક, ૬/૧૨/૧ થી ૬/૧૨/૩૧-૪૯, રેલ્વે ઈન્સ્ટ્રીટયુટ, ૬/૧૩/૯૫ થી ૬/૧૩/૧૦૧ ગુલબીની ચાલી	રેલ્વે સ્ટેશન સામે દેસાઈ વાર્ડ, નશાબંધી કચેરી, સોમેશ્વર પાર્ક, તથા તેની આજુબાજુના મકાનો, રેલ્વે ઈન્સ્ટી. કોલોનીના મકાનો, ગુલબીની ચાલીની સામે નાળા સુધી, (રેલ્વે સિવાય)
	૯૭	૦	૧૩૩	૭૪૫	૬/૧૨/૩૪ થી ૬/૧૨/૪૫-૨૪ વેગાવાડીયો, ૬/૧૨/૪૪/૧ થી ૬/૧૨/૪૪-૬૪ સંતપુરી	વાધનાથવાળુ ભાથીજી મંદિર, વેગા રોડ, નગરપાલિકા, આંગણવાડી, સંતપુરી રોડ, પાવરહાઉસ, સંતપુરી

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોકનંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલવસ્તી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૯૯	૦	૦	૫૫૯	૬/૪/૪૮ થી ૬/૪/૬૦, ૬/૪/૬૦-૧ થી ૬/૪/૬૦-૩૫ મેજેસ્ટીક ટોકીઝ, વાલ્મિકીવાસ, શેરેપહા	રેલ્વેનાળા, શેરે પંજાબ પાછળના ઝુપડા, વાલ્મિકીવાસ, મેજેસ્ટીક ટોકીઝ પાછળના તથા બદીનારાયણ મંદિરના ઝુપડા, વડોદરી ભાગોળ નાળા સુધીના ઝૂંપડા
	કુલ	**૧૧૯**	**૭૨૦**	**૬૨૪૨**		

હદ વર્ણન:- મોજે કજાપૂર ના સર્વે નં ૧૩૩/૧ના વાયવ્ય ખૂણેથી પૂર્વ દિશા તરફ સર્વે નં ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૬૪ ના ઈશાન ખૂણે થી દક્ષિણ દિશા તરફ સર્વે નં. ૧૬૫ ની ધારે થી પૂર્વ દિશા તરફ સર્વે નં ૧૬૬ ના ઈશાન ખૂણેથી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૮૧, ૧૮૨, ૧૮૩ ના અગ્નિ ખૂણેથી પૂર્વ દિશા તરફ સર્વે નં ૧૮૬ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૧૯૧, ૧૯૨/૧, ૧૯૩ થી કજાપૂર વેગાના સિમાડે થઇ સર્વે નં ૨૨૫ ના અગ્નિ ખૂણેથી પશ્ચિમ દિશા તરફ થી સર્વે નં ૨૨૬ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૨૪૧ના ખૂણે થી પૂર્વ દિશા તરફ સર્વે નં ૨૪૨ થી પૂર્વ દિશા તરફ ડભોઇના સર્વે નં ૧૭૯૩, ૧૭૯૯, ૧૮૦૧, ૧૮૦૦, ૧/૪ની ધારે ધારે પૂર્વ દિશા તરફ સર્વે નં. ૧/૮ના ઈશાન ખૂણેથી જકાતનાકાથી મહુડીભાગોડ તરફ જવાના રસ્તે રસ્તે રાણાની હોટ્લથી દક્ષિણ દિશા તરફ રેલ્વે ફાટ્કની ધારે ધારે રેલ્વે સ્ટેશન તરફ જઇ દક્ષિણ દિશા તરફ આઇસ ફેક્ટરી સર્વે નં ૧૬૧૮ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં. ૧૪૮૮/૧૫, ૧૪૮૮/૪ વડોદરી ભાગોળ રોડ થઇ પશ્ચિમ દિશા તરફ પે એંડ ટોઇલેટ થી ઉત્તર દિશા તરફ ૧૪૮૬ ના વાયવ્ય ખૂણા થી ઉત્તર દિશા તરફ ૧૬૧૨/૧, ૧૬૧૧, ૧૬૧૩, ૨૬૭૨ ના વાયવ્ય ખૂણેથી રસ્તા ની ધારે ધારે સર્વે નં ૧૬૨૯ થી ના અગ્નિખૂણે થી પશ્ચિમ દિશા તરફ સર્વેનં ૧૬૩૦ ,૧૬૩૫, ૧૩૩૬/૧, ૧૩૩૬, ૧૬૪૦,થી વાયવ્ય ખૂણા તરફ રસ્તા ની ધારે ધારે જઇ સર્વે નં ૨૮૫ થી વેગા ના સર્વે નં ૨૨૪ થી ડ્ભોઇ બોડેલી રોડ પાર કરી ઉત્તર દિશા તરફ સર્વે નં ૨૨p, ૯૦૦૮થી પશ્ચિમ દિશા તરફ સર્વે નં ૧૬૯p, ૧૭૦થી ઉત્તર દિશા તરફ સર્વે નં ૧૭૨p, ૧૯૦, ૨૭૪p, થી સર્વે નં ૯૦૨૮ થી ઉત્તર ૯૦૦૩, ૧૩/૧, ૩, ૨, ૪૪, ૪૫, ૧૩૭, ૧૩૫/૨, ૧૩૩/૨ થી કજાપૂરના સર્વે નં ૧૩૩/૧ સુધી નો તમામ વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર - ૩

ડભોઈ નગરપાલિકા **જિલ્લો. વડોદરા**

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોકનંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલવસ્તી	બ્લોકના વિસ્તાર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
3	તરસાણા-૧	૩૬	૩૫૨	૫૩૦	તરસાણા	વણકર વાસ, રાઠોડ ફળિયુ, તલાવિયા ફળિયુ, બારિયા ફળિયુ, પા.વા ફળિયુ, બજાણીયા ફળિયુ
	તરસાણા-૨	૪૬	૧૦૦	૫૭૮		તલાવીયા ફળિયુ, વાલ્મિકી વાસ, રોહિતવાસ રાઠોડિયા ફળિયુ, મુસલમાન ફળિયુ, બ્રાહ્મણ ફળિયુ, બજાણીયા ફળિયુ

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોકનંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલવસ્તી	બ્લોકના વિસ્તાર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	ટીબી-૧	૧૦૦	૧૭૪	૫૭૯	ટીબી	પટેલ ફળિયુ, કુવા વાળુ ફળિયુ, રોહિત વાસ
	ટીબી-૨	૨૮	૩૨૬	૪૨૨		સ્વામિનારાયણ ફળિયુ, પટેલ ફળિયુ, દેવીપૂજક વાસ, રાઠોડિયા ફળિયુ, નવીનગરી, રાઠોડિયા-રોહિત વાસ
	૧૪	૦	૭૫	૩૮૫	૨/૧/૧ થી ૨/૧/૧૨૫	હીરા ભાગોળ માતાજીનું મંદિર કિલ્લો સામે દાળની મીલ, નવજીવન શાળા બાલાજી મંદિર ખેડા વાડ ફળીયા માં સમાવિષ્ટ તમામ મકાનો
	૧૮	૭	૧૫૭	૮૩૦	૨/૪/૧ થી ૨/૪/૧૨૫	સુરજ ફળીયુ, તલાવપુરા
	૨૦	૦	૦	૭૨	૨/૬/૧થી૨/૬/૧૨૭	ભારત ટોકીઝ કુમાર શાળા નં.૧ મોતીબાગ શાળા, રામદાસ ક્લબ, ટાંકી દક્ષીણી ફળીયુ, પોલીસ લાઈન હનુમાનજી મંદીર સત્યનારાયણ મંદિર લાલબજાર, ગોવિંદ રાણાની લારી સુધી તમામ મકાનો
	૨૧	૦	૦	૧૬	૨/૭/૧થી૨/૭/૧૨૫	તમામ મકાનો જગદંબા પ્રેસ સામે લાલ બજાર, ટાવર રોડ, માર્કેટ બજાર, છિપવાડ બજાર
	૨૫	૦	૬૬	૭૫૫	૨/૧૧/૧થી૨/૧૧/૧૨૫	ના તમામ સમાવિષ્ટ મકાનો રામ ટેકરી, અન્નક્ષેત્ર, મારવાડી ફળીયુ, રામટેકરી
	૮૮	૦	૦	૫૮૫	૬/૭/૧ થી ૬/૭/૧૪, ૬/૭/૧૪/૧ થી ૬/૭/૧૪/૧૬૬	હીરા ભાગોળનો કિલ્લો તથા તેના મકાનો અંબાલાલની ચાલી આગળ પાછળ ઝૂંપડા પોલીસ લાઈનની પાછળના ઝુપડા, રાઠોડીયા ફળિયાના પાછળના ઝૂંપડા દવાખાના પાછળના તમામ ઝૂંપડા, સમાવિષ્ટ તમામ વિસ્તાર ના તમામ મકાનો
	૮૯	૦	૧૮૯	૩૬૬	૬/૭/૩૯ થી ૬/૭/૫૮	હીરા ભાગોળ બહાર તુલસી વાડી, જલારામ મંદિર તેની આજુબાજુના ઝુપડા, ગોવિદેસ્વર મહાદેવ મંદિરતથાતેની આજુબાજુના મકાનો, ભાથુજી નગર, દરગાહ સલાટવાડી, માઈસાબની દરગાહ જવાલામાતાનું મંદિરથી ખાંડીવાવ રાણા સમાજ, દશાલાડ સ્મશાન, નવિનગરીના સમાવિષ્ટ તમામ વિસ્તાર

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
